# સળગેલી રોકડ મળી આવવાના વિવાદમાં સંડોવાયેલા જસ્ટિસ વર્માનું રાજીનામુ

**તેમને** હોદ્દા પરથી દૂર કરવા માટેની મહાઅભિયોગની કાર્યવાહી હવે નિરર્થક

**જો કે** તેમના ઘરેથી મળેલી સળગેલી ચલણી નોટોના કેસમાં હવે ફોજદારી કાર્યવાહીનો સામનો કરવો પડી શકે



નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): અલ્હાબાદ હાઈકોર્ટના મુશ્કેલીગ્રસત જજ યશવંત વર્મા, જેઓ ગયા વર્ષે તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાનેથી બળેલા ચલણી નોટોના બંડલ મળી આવ્યા બાદ ભ્રષ્ટાચારના આરોપો હેઠળ બરતરફી માટે મહાભિયોગની કાર્યવાહીનો સામનો કરી રહ્યા હતા, તેમણે રાજીનામું આપી દીધું છે.

અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે જસ્ટિસ વર્મા વિરુદ્ધ લોકસભા દ્વારા શરૂ કરવામાં આવેલી દુર્લભ નિષ્કાસન પ્રક્રિયા તેમના તાત્કાલિક અસરથી અપાયેલા રાજીનામા બાદ નિરર્થક સાબિત થઈ છે. ન્યાયાધીશે 9 એપ્રિલના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મોકલેલા પત્રમાં પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. સંસદ દ્વારા તેમની હકાલપટ્ટી થતી રોકવા માટે, ન્યાયાધીશ પાસે રાજીનામું એ એકમાત્ર વિકલ્પ બચ્યો હતો, જેમણે લોકસભા દ્વારા નિયુક્ત પેનલ દ્વારા ચાલી રહેલી તપાસની કાર્યવાહીમાંથી પીછેહઠ કરી હતી. જજ 5 જાન્યુઆરી, 2031 ના રોજ નિવૃત્ત થવાના હતા.

રોકડનો આ મોટો જથ્થો ત્યારે મળી આવ્યો હોવાનું મનાય છે જ્યારે 14 માર્ચ, 2025 ના રોજ હોળીની રાત્રે આશરે 11:35 વાગ્યે દિલ્હી હાઈકોર્ટના તત્કાલીન જજ જસ્ટિસ વર્માના લ્યુટિયન્સ દિલ્હી સ્થિત નિવાસસ્થાને આગ લાગી હતી, જેના કારણે ફાયર વિભાગના કર્મચારીઓએ ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવી પડી હતી.

9 એપ્રિલના રોજ રાષ્ટ્રપતિને મોકલેલા પત્રમાં તેમણે તાત્કાલિક અસરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. 57 વર્ષીય જસ્ટિસ વર્માએ તેમના રાજીનામા પત્રમાં લખ્યું છે કે, તેઓ 'ખૂબ જ પીડા' સાથે રાજીનામું આપી રહ્યા છે.

કાયદાકીય નિષ્ણાતોના મતે, રાજીનામું આપવા પાછળનું મુખ્ય કારણ નિવૃત્તિ બાદના લાભો જાળવી રાખવાનું છે. જો સંસદ દ્વારા તેમને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હોત, તો તેઓ પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો મેળવવા માટે હકદાર ન રહ્યા હોત. બંધારણની કલમ 217 મુજબ, હાઈકોર્ટના જજ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપી શકે છે અને તેને મંજૂર કરવાની જરૂર હોતી નથી. હવે જ્યારે જસ્ટિસ વર્મા બંધારણીય પદ પર નથી અને ખાનગી નાગરિક બની ગયા છે, ત્યારે સરકાર જો ઈચ્છે તો તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકે છે.

# યુક્રેનનો સ્વીકાર: મધ્ય પૂર્વમાં ઈરાની 'શાહેદ' ડ્રોન તોડવા બદલ મળી આર્થિક અને લશ્કરી મદદ

**યુદ્ધવિરામ** પહેલા યુક્રેનના આશરે 228 નિષ્ણાતો મધ્યપૂર્વમાં તૈનાત હતા

ઇસ્ટર નિમિત્તે પુતિનની 32 કલાકના યુદ્ધવિરામની જાહેરાત

કીવ, તા. 10 (એપી): યુક્રેન પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ પ્રથમ વખત જાહેરમાં સ્વીકાર્યું છે કે, ઈરાન યુદ્ધ દરમિયાન મધ્ય પૂર્વના વિવિધ દેશોમાં યુક્રેનિયન દળોએ ઈરાની બનાવટના 'શાહેદ' ડ્રોનને તોડી પાડ્યા હતા.

તેમણે જણાવ્યું કે, રશિયા જે ડ્રોનનો ઉપયોગ યુક્રેન વિરુદ્ધ કરે છે, તે જ હથિયારોનો સામનો કરવા માટે યુક્રેને તેના ભાગીદાર દેશોને મદદ કરી છે. આ કોઈ તાલીમ મિશન નહીં પરંતુ વાસ્તવિક ઓપરેશન હતું, જેના બદલામાં યુક્રેનને તેના ઊર્જા માળખાની સુરક્ષા માટે હથિયારો, તેલ, ડીઝલ અને આર્થિક સહાય મળી રહી છે. ઝેલેન્સ્કીના મતે, આ ભાગીદારીથી યુક્રેનની ઊર્જા સ્થિરતા મજબૂત થશે.

મધ્ય પૂર્વમાં યુદ્ધવિરામ પહેલા યુક્રેનના આશરે 228 નિષ્ણાતો આ ક્ષેત્રમાં તૈનાત હતા. બીજી તરફ, ઝેલેન્સ્કીએ રશિયન તેલ પર ફરીથી સંપૂર્ણ પ્રતિબંધો લાદવાની માગ કરી છે, કારણ કે ઊર્જાના વધતા ભાવોનો લાભ ઉઠાવી રશિયા તેના યુદ્ધ ખર્ચને પહોંચી વળી રહ્યું છે.

આ દરમિયાન, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ઓર્થોડોક્સ ઈસ્ટર નિમિત્તે 32 કલાકના કામચલાઉ યુદ્ધવિરામની જાહેરાત કરી છે, જે શનિવારે સાંજે 4 વાગ્યાથી રવિવારના અંત સુધી અમલમાં રહેશે. ઝેલેન્સ્કીએ આ પગલાને આવકારતા કહ્યું છે કે યુક્રેન પણ આ યુદ્ધવિરામનું પાલન કરવા તૈયાર છે, જેથી લોકોને ભયમુક્ત વાતાવરણ મળી શકે. જોકે, અગાઉના આવા પ્રયાસોમાં બંને પક્ષોએ એકબીજા પર ઉલ્લંઘનના આરોપો લગાવ્યા હોવાથી આ વખતે શાંતિ જળવાય છે કે કેમ તે જોવાનું રહેશે.



# આયર્લેન્ડમાં ઈંધણના વધતા ભાવો સામે દેશવ્યાપી વિરોધપ્રદર્શનો

**રિફાઇનરીઓ** અને વિતરણકેન્દ્રોની નાકાબંધીઓ, રસ્તા રોકો આંદોલન

**ગભરાટભરી** ખરીદીઓ વચ્ચે પેટ્રોલ પંપો ખાલી થઇ ગયા



ડબ્લિન, તા. ૧૦: આયર્લેન્ડમાં ઈંધણના વધતા ભાવ અને વિરોધ પ્રદર્શનો વચ્ચે ગ્રાહકોની ગભરાટભરી ખરીદીને કારણે પેટ્રોલ પંપો ખાલી થઈ રહ્યા છે. ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની રોકવાને કારણે વિશ્વભરમાં તેલના ભાવમાં તોતિંગ વધારો થયો છે, જેને પગલે આયર્લેન્ડમાં ઈંધણના ખર્ચમાં ઘટાડો કરવા માટે સરકારના હસ્તક્ષેપની માંગ સાથે દેખાવકારો રસ્તા પર ઉતરી આવ્યા છે.

આયર્લેન્ડમાં હાલમાં ડીઝલનો ભાવ અંદાજે 1.86 પાઉન્ડઅને પેટ્રોલનો ભાવ 1.66 પાઉન્ડ પ્રતિ લિટર સુધી પહોંચી ગયો છે. એક્સાઈઝ ડ્યુટી અને કાર્બન ટેક્સ ઘટાડવા માટે સરકાર પર દબાણ લાવવાના પ્રયાસરૂપે પ્રદર્શનકારીઓ રસ્તાઓ, મુખ્ય ઈંધણ રિફાઈનરીઓ અને વિતરણ કેન્દ્રોને બ્લોક કરી રહ્યા છે, જેના કારણે સેનાને 'સ્ટેન્ડબાય' રાખવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ ઓપરેટરો અને કૃષિ કોન્ટ્રાક્ટરોએ મંગળવારથી શ્રેણીબદ્ધ વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા હતા, જે મોટરવે પર ધીમી ગતિના કાફલાઓ અને ડબલિનના વ્યસ્ત રસ્તાઓ પર મર્યાદિત અવરજવરથી શરૂ થઈને હવે દેશના અડધા ભાગમાં ઈંધણ સપ્લાય કરતા ડેપોની નાકેબંધી સુધી પહોંચી ગયા છે. ન્યાય મંત્રી જીમ ઓ'કેલાઘન અને સંરક્ષણ મંત્રી હેલન મેકેન્ટીએ જણાવ્યું હતું કે, નાકેબંધીમાંથી ભારે વાહનો હટાવવામાં પોલીસને મદદ કરવા માટે સેના તૈયાર છે.

# અમેરિકાનું મોંઘુદાટ સર્વેલન્સ ડ્રોન હોર્મુઝની સામુદ્રધૂનિમાં તૂટી પડ્યું

**અંદાજે** □૧,૮૦૦ કરોડ રૂ.ની કિંમતનું સર્વેલન્સ ડ્રોન 'MQ-4C ટ્રાઇટન' હોર્મુઝની સામુદ્રધુનીમાં એક ગુપ્ત મિશન પર હતું



વૉશિંગ્ટન, તા. ૧૦: અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષમાં એક નવો વળાંક આવ્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, અમેરિકાનું અત્યંત આધુનિક અને અંદાજે ૧,૮૦૦ કરોડ રૂપિયાની કિંમતનું સર્વેલન્સ ડ્રોન 'MQ-4C ટ્રાઇટન' હોર્મુઝની સામુદ્રધુનીમાં એક ગુપ્ત મિશન દરમિયાન ગુમ થયું છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામનો કરાર અમલમાં હતો, જેણે પશ્ચિમ એશિયામાં ફરી એકવાર ભૂરાજકીય તણાવ વધારી દીધો છે.

ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા અનુસાર, આ ડ્રોન ઈટાલીના સિગોનેલા બેઝ પરથી ઉડાન ભરીને હોર્મુઝની સામુદ્રધુનીમાં દેખરેખ રાખી રહ્યું હતું. તે સમયે તે ૫૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ હતું, જ્યાંથી તે અચાનક નીચે ઉતરવા લાગ્યું અને રડાર પરથી ગાયબ થઈ ગયું. ગાયબ થતા પહેલા ડ્રોન દ્વારા '૭૭૦૦' ઈમરજન્સી કોડ મોકલવામાં આવ્યો હતો, જે વિમાનમાં ગંભીર સમસ્યા હોવાનું સૂચવે છે. નોંધનીય છે કે આ વિસ્તાર વૈશ્વિક ઊર્જા પુરવઠા માટે અત્યંત મહત્વનો છે, કારણ કે વિશ્વનો ૨૦% તેલ અને ગેસનો વેપાર આ માર્ગે થાય છે. જો આ ડ્રોન ઈરાન દ્વારા તોડી પાડવામાં આવ્યું હોવાની પુષ્ટિ થશે, તો તે અમેરિકા માટે મોટું સૈન્ય અને આર્થિક નુકસાન ગણાશે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ અમેરિકાએ તેના F-15E અને A-10 જેવા લડાયક વિમાનો ગુમાવ્યા છે. ઈરાને યુદ્ધવિરામ છતાં આ મહત્વના જળમાર્ગ પર પોતાનો અંકુશ જાળવી રાખ્યો છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનો વિષય બન્યો છે. હાલમાં અમેરિકી સંરક્ષણ વિભાગ આ ઘટનાના ચોક્કસ કારણોની તપાસ કરી રહ્યું છે.

# પાકિસ્તાનના રક્ષામંત્રીએ ઈઝરાયેલને ગણાવ્યું 'દુષ્ટ'

**આસિફે** ઈઝરાયેલને 'કેન્સર સમાન દેશ' કહ્યો, નેતન્યાહુએ આપી આકરી ચેતવણી

**જે દેશ** નિષ્પક્ષ મધ્યસ્થી હોવાનો દાવો કરતો હોય તેના તરફથી આવી ભાષા સહન કરી શકાય નહીં: ઈઝરાયેલ

જેરૂસલેમ, તા. 10 (પીટીઆઈ): પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ઈઝરાયેલ વિરુદ્ધ અત્યંત વિવાદાસ્પદ ટિપ્પણી કરતા બંને દેશો વચ્ચે રાજદ્વારી ગરમાવો વધી ગયો છે. આસિફે સોશિયલ મીડિયા પર ઈઝરાયેલને 'દુષ્ટ' અને 'માનવતા માટે શ્રાપ' ગણાવ્યું હતું.

આસિફે આક્ષેપ કર્યો કે જ્યારે ઈસ્લામાબાદમાં શાંતિ મંત્રણા ચાલી રહી છે, ત્યારે લેબનોનમાં નરસંહાર કરવામાં આવી રહ્યો છે. તેમણે ઈઝરાયેલને 'કેન્સર સમાન દેશ' કહીને યહૂદીઓ વિરુદ્ધ ઉશ્કેરણીજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. જોકે, ઈઝરાયેલના આકરા વિરોધ બાદ તેમણે આ પોસ્ટ દૂર કરી દીધી હતી.

આ ટિપ્પણીનો જડબાતોડ જવાબ આપતા ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તેને 'અપમાનજનક' ગણાવી હતી. વડાપ્રધાન કાર્યાલયે સ્પષ્ટ કર્યું કે કોઈપણ દેશ તરફથી ખાસ કરીને જે દેશ પોતે નિષ્પક્ષ મધ્યસ્થી હોવાનો દાવો કરતો હોય, તેના તરફથી આવી નફરતભરી ભાષા સહન કરી શકાય નહીં. ઈઝરાયેલના વિદેશ મંત્રી ગિદન સાદરે પણ પાકિસ્તાની નેતૃત્વની ટીકા કરતા કહ્યું કે ઈઝરાયેલ પોતાનો વિનાશ ઈચ્છતા આતંકવાદીઓ સામે રક્ષણ મેળવવા સક્ષમ છે.

નેતન્યાહુએ વધુમાં ચેતવણી આપી કે અમેરિકા-ઈરાન વચ્ચેનો 2 સપ્તાહનો યુદ્ધવિરામ લેબનોનને લાગુ પડતો નથી. આ વિવાદને કારણે પાકિસ્તાનમાં યોજાનારી શાંતિ મંત્રણા પર જોખમ તોળાઈ રહ્યું છે, કારણ કે ઈરાને પણ લેબનોનમાં હુમલા ન અટકે ત્યાં સુધી વાતચીત સ્થગિત કરવાની ધમકી આપી છે.

બીજી બાજુ, ભારતમાં ઈઝરાયેલના રાજદૂતે પણ પાકિસ્તાનની મધ્યસ્થી તરીકેની વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવ્યા છે. હવે ઈઝરાયેલે લેબનોન સાથે સીધી વાતચીત કરવાના આદેશ આપી દીધા છે.

# શાહબાઝની સોશ્યલ મીડિયા પોસ્ટ પાછળ વ્હાઈટ હાઉસનો હાથ છે: ન્યૂયોર્ક ટાઈમ્સ

**અમેરિકાને** ઇરાન ડેડલાઇન લંબાવવા વિનંતી કરતું પાક. વડાપ્રધાનનું નિવેદન ખુદ વ્હાઇટ હાઉસે તૈયાર કરી આપ્યું હતું?!

### શરીફે જે હેડર સાથે નિવેદન પોસ્ટ કર્યું તેનાથી શંકા ગઇ

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ દર્શાવે છે કે વ્હાઇટ હાઉસ – ભલે ટ્રમ્પ ઈરાનને ધમકી આપી રહ્યા હોય, તેમ છતાં મંગળવારે સમયમર્યાદા નજીક આવતાની સાથે જ કટોકટીમાંથી બહાર નીકળવાનો માર્ગ સક્રિયપણે શોધી રહ્યું હતું. NYT અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે વ્હાઇટ હાઉસના એક અધિકારીએ ઇનકાર કર્યો હતો કે ટ્રમ્પે આ નિવેદન લખ્યું હતું. આ અટકળો ત્યારે ઊભી થઈ હતી જ્યારે સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ ધ્યાન દોર્યું હતું કે શરીફે શરૂઆતમાં આ નિવેદન Draft - Pakistan's PM Message on X હેડર સાથે પોસ્ટ કર્યું હતું.

ન્યૂયોર્ક, 10(PTI): પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફની સોશિયલ મીડિયા પોસ્ટ તૈયાર કરવામાં વ્હાઈટ હાઉસ સીધી રીતે સામેલ હતું, જેમાં તેમણે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાન પરની તેમની 7 એપ્રિલની ડેડલાઈન બે અઠવાડિયા માટે લંબાવવા માટે ખરા દિલથી વિનંતી કરી હતી, એમ એક મીડિયા અહેવાલમાં જણાવાયું છે.

'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના જણાવ્યા અનુસાર, મંગળવારે શરીફ દ્વારા 'X' પર શેર કરવામાં આવેલા સંદેશાને ઘડવામાં વ્હાઈટ હાઉસ સીધી રીતે સામેલ હતું. શરીફે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના શાંતિપૂર્ણ ઉકેલ માટેના રાજદ્વારી પ્રયાસો સ્થિર, મજબૂત અને શક્તિશાળી રીતે આગળ વધી રહ્યા છે, જેમાં નજીકના ભવિષ્યમાં નોંધપાત્ર પરિણામો લાવવાની ક્ષમતા છે.

તેમણે કહ્યું, રાજદ્વારી પ્રક્રિયાને આગળ વધવા દેવા માટે, હું પ્રમુખ ટ્રમ્પને સમયમર્યાદા બે અઠવાડિયા માટે લંબાવવા માટે ખરા દિલથી વિનંતી કરું છું.

શરીફે ઈરાનને પણ સદ્ભાવનાના ભાગરૂપે હોર્મુઝની સામુદ્રધુની બે અઠવાડિયાના અનુરૂપ સમયગાળા માટે ખુલ્લી મુકવા વિનંતી કરી હતી. આ ઘટનાક્રમને છેલ્લી ઘડીની જાહેર અપીલ તરીકે વર્ણવતા, NYT રિપોર્ટે જણાવ્યું હતું કે ઈરાન માટે ટ્રમ્પની રાત્રે 8 વાગ્યાની ડેડલાઈન ઝડપથી નજીક આવી રહી હતી અને પાકિસ્તાન બંને પક્ષો માટે વચ્ચેનો રસ્તો કાઢવાનો પ્રયાસ કરી રહ્યું હતું. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે શરીફે તેમની પોસ્ટમાં ટ્રમ્પ અને અન્ય ટોચના સલાહકારોને ટેગ કર્યા હતા અને મંગળવારે બપોરે આ પોસ્ટ લખતી વખતે શરીફે ટ્રમ્પિયન શૈલી(ટ્રમ્પ જેવી ભાષા) અપનાવી હતી. પરંતુ પડદા પાછળ, શરીફે આ નિવેદન પોસ્ટ કર્યું તે પહેલાં વ્હાઈટ હાઉસે તેને જોઈ લીધું હતું અને મંજૂરી આપી દીધી હતી, તેમ આ સંવાદ વિશે માહિતગાર વ્યક્તિને ટાંકીને NYT અહેવાલમાં જણાવાયું હતું.

# વૉટ્સએપ સંદેશાઓની ગોપનીયતા સામે પ્રશ્નો ઉઠ્યા

**X ના માલિક** ઇલોન મસ્કે વોટ્સએપની પ્રાઇવસી પર સવાલો ઉઠાવ્યા

**ટેલિગ્રામના** CEO પાવેલ ડુરોવે આને ઇતિહાસનું સૌથી મોટું એન્ક્રિપ્શન ફ્રોડ ગણાવ્યું

ન્યૂયોર્ક, તા. ૧૦: સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ના માલિક ઈલોન મસ્ક અને ટેલિગ્રામના CEO પાવેલ ડુરોવે વોટ્સએપની પ્રાઈવસી પર સવાલો ઉઠાવ્યા છે. મસ્કે કહ્યું કે વોટ્સએપ પર ભરોસો કરી શકાય નહીં. બીજી તરફ, ડુરોવે તેને ઈતિહાસનું સૌથી મોટું 'એન્ક્રિપ્શન' ફ્રોડ ગણાવ્યું છે.

આ વિવાદ અમેરિકામાં વોટ્સએપ વિરુદ્ધ દાખલ કરાયેલા એક નવા ક્લાસ એક્શન મુકદ્દમા બાદ શરૂ થયો છે. આ મુકદ્દમો આ વર્ષે જાન્યુઆરીમાં બ્રાયન વાય. શીરાજી અને નિદા સેમસન નામના બે યુઝર્સ દ્વારા કેલિફોર્નિયાની ફેડરલ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેમાં મેટા પ્લેટફોર્મ્સ અને એક્સેન્ચરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. અરજીકર્તાઓએ જ્યુરી ટ્રાયલની માંગ કરી છે અને કંપની પાસેથી વળતરની અપીલ કરી છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વોટ્સએપ તેના યુઝર્સના મેસેજને વચ્ચેથી જ આંતરે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મેટા આ મેસેજીસને એક્સેન્ચર જેવી ત્રીજી પાર્ટીઓ સાથે શેર કરી રહ્યું છે. જ્યારે કંપની દાવો કરે છે કે તેના મેસેજ 'એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ' છે, એટલે કે મોકલનાર અને મેળવનાર સિવાય કોઈ ત્રીજી વ્યક્તિ તેને વાંચી શકતું નથી.

## પેજ 3

### અનંત અંબાણીનો જન્મદિવસ: 1 લાખ ગાયોને છપ્પન ભોગ અને જામનગરના ગામડાઓમાં મહાભોજ



**રણવીર**, શાહરૂખ સહિતની બોલીવૂડ હસ્તીઓ જોડાઈ

જામનગર, તા. 10: રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ તેમના 31મા જન્મદિવસે જામનગરમાં ભવ્ય ઉજવણી કરી હતી. આ પ્રસંગે તેમણે 1 લાખથી વધુ ગાયોને 'છપ્પન ભોગ' ધરાવી ગૌસેવા કરી હતી. જામનગરના ગ્રામજનો માટે ભોજન સમારોહ યોજાયો હતો, જેમાં મહિલાઓને સાડી અને બાળકોને સ્કૂલ કિટનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં શાહરૂખ ખાન અને રણવીર સિંહ જેવી હસ્તીઓ પણ સામેલ થઈ હતી. ઉજવણીની સાથે અનંત અંબાણીએ 'વનતારા યુનિવર્સિટી'ની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. વન્યજીવ સંરક્ષણ અને પશુ ચિકિત્સા વિજ્ઞાનને સમર્પિત આ વિશ્વની પ્રથમ એકીકૃત યુનિવર્સિટી હશે. પ્રાચીન નાલંદા વિદ્યાપીઠની ભાવનાથી પ્રેરિત આ સંસ્થા પશુ કલ્યાણ અને સંરક્ષણ ક્ષેત્રે નવા નિષ્ણાતો તૈયાર કરશે.

### અનંતના જન્મદિવસની પાર્ટીમાં સલમાન નવા લુકમાં દેખાયો



જામનગર, તા. 10: મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના 31માં જન્મદિવસની જામનગરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ખાસ પ્રસંગે બોલિવૂડની હસ્તીઓ ઉજવણીમાં હાજર રહી હતી. આ દિગ્ગજોએ સોશિયલ મીડિયા પર અનંત સાથેના ફોટા શેર કરી તેને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સલમાન ખાને ઉજવણીમાં એક નવો લૂક ધારણ કર્યો છે અને અનંત સાથેની તસવીર શેર કરીને તેને ખાસ અંદાજમાં શુભેચ્છા આપી હતી. શાહરૂખ ખાને એક્સ પર લખ્યું કે, "તું જે સારા કાર્યો કરે છે તે ચાલુ રાખ અને હંમેશા સકારાત્મક રહે." રણવીર સિંહે પણ અનંત સાથેની એડિટ કરાયેલી મજેદાર તસવીર શેર કરી તેને 'ભાઈ' કહીને સંબોધ્યો હતો. સંજય દત્તે અનંતને 'સૌથી દયાળુ ભાઈ' ગણાવ્યો હતો. આ સેલિબ્રેશનમાં શાહરૂખ ખાન, સલમાન ખાન અને ક્રિતી સેનન સહિત અનેક હસ્તીઓ ઉમટી પડી હતી. આ ઉજવણીના ભાગરૂપે શેહનાઝ ગિલ રક્તદાન કેમ્પમાં પણ સામેલ થઈ હતી.

### ચાહકે ખભા પર હાથ રાખતા જ સલમાન ખાનની સુરક્ષા ટીમ થઈ એલર્ટ



જામનગર, તા. 10: જામનગર એરપોર્ટ પર સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તે એક બાળક સાથે ફોટો પડાવતી વખતે ભીડમાં જોવા મળે છે. આ દરમિયાન એક વ્યક્તિએ સલમાનના ખભા પર હાથ રાખવાનો પ્રયત્ન કરતા સુરક્ષાકર્મીઓ તરત જ સક્રિય થઈ ગયા હતા અને તેને પાછળ ધકેલી દીધો હતો. જોકે, સલમાને શાંત રહીને સુરક્ષા ટીમને ઈશારાથી સંયમ રાખવા જણાવ્યું હતું. અનંત અંબાણીના જન્મદિવસની જામનગરમાં ઉજવણીમાં હાજર રહેલા સલમાને સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ શેર કરી હતી. તેણે અનંતને 'નિઃસ્વાર્થ અને દયાળુ ઇન્સાન' ગણાવતા લખ્યું કે, 'આ માણસ દેશને આગળ લઈ જશે, તે દિલ અને દિમાગથી અસલી અંબાણી છે.' સલમાને અનંતને પોતાના નાના ભાઈ સમાન ગણાવીને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી હતી.

### મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસા ફરમાન સાથે લગ્ન વખતે સગીર વયની હતી

નવી દિલ્હી, તા. 10: મહાકુંભની 'વાયરલ ગર્લ' તરીકે જાણીતી થયેલી મોનાલિસા ભોંસલે અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગની તપાસમાં સાબિત થયું છે કે લગ્ન સમયે મોનાલિસા પુખ્ત વયની નહીં પરંતુ સગીર હતી. સરકારી હોસ્પિટલના રેકોર્ડ મુજબ તેનો જન્મ 30 ડિસેમ્બર 2009ના રોજ થયો હતો, જેથી કેરળમાં લગ્ન સમયે તેની ઉંમર માત્ર 16 વર્ષ, 2 મહિના અને 12 દિવસની હતી. આ મામલે મોનાલિસા સાથે લગ્ન કરનાર ફરમાન ખાન વિરુદ્ધ મધ્ય પ્રદેશના મહેશ્વર પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ અને એટ્રોસિટી એક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. આયોગની ફરિયાદમાં કહેવાયું છે કે આ લગ્ન એક અંગત બાબત નથી પણ લવ જેહાદના અસ્તિત્વને નકારવા માટે વૈશ્વિક સ્તર પર એક ખોટું નરેશન સ્થાપિત કરવાના ષડયંત્રનો ભાગ હતા. આયોગે આ મામલે કેરળ અને મધ્ય પ્રદેશના ડીજીપીને દિલ્હી તેડાવ્યા છે અને કડક કાનૂની કાર્યવાહીના આદેશ આપ્યા છે.

### રણદીપ હુડ્ડાએ દિકરીનું નામ અને તેનો અર્થ જાહેર કર્યો



મુંબઈ, તા. 10: અભિનેતા રણદીપ હુડ્ડા અને લિન લૈશરામે લગ્ન બાદ તેમના જીવનમાં આવેલી નવી ખુશી એટલે કે તેમની પુત્રીનું નામ જાહેર કર્યું છે. રણદીપે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને જણાવ્યું કે તેમણે પુત્રીનું નામ 'ન્યોમિકા હુડ્ડા' રાખ્યું છે. રણદીપે જણાવ્યું ન્યોમિકાનો અર્થ 'દિવ્ય કૃપા, સ્વતંત્રતા અને આકાશ જેવી અસીમ' થાય છે. ન્યોમિકાનો જન્મ 1 મહિના પહેલા થયો હતો. આ નામ રણદીપની બહેન અંજલી હુડ્ડાએ ઘણું સંશોધન કર્યા પછી રાખ્યું છે. દંપતીએ એક ભાવુક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે પોતાની દીકરીનું નામકરણ કરવું તેમના માટે અત્યંત ખાસ અને યાદગાર ક્ષણ રહી છે.